PROVISIONAL KEY : Advt. No. : 105/201617 District Education Officer(AJN)
Preliminary Test on 12-03-2017
Subject Que: General Studies (001 to 100)
Publish Date : 20-03-2017
Last Date to send Suggestion(s) : 27-03-2017
Note : Candidate must ensure the complaince to send all suggestion in the given format with reference to this paper with provisional answer key only. Any non compliance shall not be treated.

001. ગંગાનદી અપવાહતંત્ર (Ganga Drainage System) અને પ્રાયદ્વીપીય અપવાહતંત્ર (Peninsular Drainage System) વચ્ચે જળવિભાજકનું કામ નીચે પૈકી કોણ કરે છે?

(A) પશ્ચિમ ઘાટ
(B) અરવલ્લી
(C) વિધ્યાંચલ
(D) સાતપુડા

002. કયા પાકની ખેતીને 'પાવડા ખેતી' (Hoe Culture) કહેવાય?

(A) મકાઈ
(B) જુવાર
(C) શણ
(D) ચોખા

003. વર્ષ 2011ની વસ્તીગણતરી મુજબ ભારતમાં પુરુષોનો સાક્ષરતાદર કેટલો છે?

(A) 80.84%
(B) 82.14%
(C) 81.16%
(D) 84.86%

004. 'પ્લાયા' ભારતના એક પશ્ચિમી રાજ્યની ભૌગોલિક વિશેષતા છે આ શબ્દ શાના માટે પ્રયોજાય છે?

(A) મીઠા પાણીના સરોવરો
(B) દરિયાઈ ભરતીથી રચાયેલા સરોવરો
(C) ખારા કે નમકના સરોવરો
(D) ઉપર પૈકી એકપણ નહીં.

005. ચકમા સમુદાયના લોકો નીચે પૈકી કયા રાજ્યમાં વસે છે?

(A) બિહાર
(B) ઓરિસ્સા
(C) ઉત્તરપ્રદેશ
(D) આસામ

006. કઈ નદી પર પોંગ બંધનું નિર્માણ થયું છે?

(A) બિયાસ
(B) રાવી
(C) સતલુજ
(D) ચિનાબ

007. ઉત્તરભારતના એક રાજ્યમાં આવેલ સોપોર ઘાટી વિશ્વભરમાં શાના માટે પ્રખ્યાત છે?

(A) અખરોટ
(B) જરદાલુ
(C) કેસર
(D) ઉપર પૈકી એકપણ નહીં.

008. 'બોમ્બે હાઈ' એ ખનિજતેલનું ઉત્પાદન ક્યારે શરૂ કર્યું?

(A) ઈ. સ. 1970
(B) ઈ. સ. 1971
(C) ઈ. સ. 1972
(D) ઈ. સ. 1973

**009.** યાદી-1 તથા યાદી-2 ને યોગ્ય રીતે જોડીને વિકલ્પ પસંદ કરો.

| | યાદી-1 (પ્રોજેક્ટ) | | યાદી-2 (નદી) |
|---|---|---|---|
| (I) | રાજઘાટ ડેમ પ્રોજેક્ટ | 1. | ચેનાબ |
| (II) | સલાલ પ્રોજેક્ટ | 2. | ગોદાવરી |
| (III) | નાગાર્જુનસાગર પ્રોજેક્ટ | 3. | બેતવા |
| (IV) | જયકવાડી પ્રોજેક્ટ | 4. | ક્રિષ્ના (Krishna) |

| | (I) | (II) | (III) | (IV) |
|---|---|---|---|---|
| (A) | 3 | 1 | 4 | 2 |
| (B) | 3 | 2 | 1 | 4 |
| (C) | 2 | 1 | 3 | 4 |
| (D) | 4 | 3 | 1 | 2 |

**010.** યાદી-1 અને યાદી-2 ને યોગ્ય રીતે જોડીને સાચો વિકલ્પ પસંદ કરો.

| | યાદી-1 (શહેર) | | યાદી-2 (નદી) |
|---|---|---|---|
| (I) | હૈદ્રાબાદ | 1. | સતલજ |
| (II) | પંઢરપુર | 2. | મહાનદી |
| (III) | સંબલપુર | 3. | મુસી |
| (IV) | લુધિયાણા | 4. | ભીમા |

| | (I) | (II) | (III) | (IV) |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 2 | 1 |
| (B) | 3 | 2 | 4 | 1 |
| (C) | 3 | 4 | 2 | 1 |
| (D) | 1 | 3 | 4 | 2 |

**011.** ભારતમાં હિન્દી પછી સૌથી વધુ બોલાતી ભાષા નીચે પૈકી કઈ છે?

(A) બેંગાલી (B) તેલુગુ
(C) મરાઠી (D) તામિલ

**012.** નીચે દર્શાવેલ ક્યો વિકલ્પ સાચો નથી?

(A) પાનીપત-ઉની કાપડ ઉદ્યોગ (B) બેલગાંવ-રેશમી કાપડ ઉદ્યોગ
(C) જલગાંવ-સુતરાઉ કાપડ ઉદ્યોગ (D) શાહજહાંપુર-રેશમી કાપડ ઉદ્યોગ

**013.** "કાલબેલિયા" કયા રાજ્યનું નૃત્ય છે?

(A) ગુજરાત (B) મધ્યપ્રદેશ
(C) રાજસ્થાન (D) બિહાર

**014.** 'ભૂંગળિયો' અને 'પેટી માસ્તર' શબ્દો નીચે પૈકી કોની સાથે સંકળાયેલ છે?

(A) ગુજરાતનું લોકનાટ્ય (B) ગુજરાતના લોકગીત
(C) લોકનૃત્ય મેરાયો (D) લોકનૃત્ય મેર

015. ''ધનેટી'' અને ''ઢેબરીયા'' શું છે?
(A) આદિવાસી જાતિના નામ
(B) છોટા ઉદેપુરની ટેકરીઓના સ્થાનિક નામ
(C) ભરતકામની કળાઓ
(D) ભવાઈની સ્થાનિક શૈલીઓ

016. ખજૂરાહોના ભવ્ય મંદિરોનું નિર્માણ કોના દ્વારા થયું હતું?
(A) ચંદેલ રાજવીઓ
(B) ચાલુક્ય વંશના રાજવીઓ
(C) રાજરાજા પ્રથમ
(D) નૃસિંહવર્મન પ્રથમ

017. તક્ષશિલાનો ધર્મરાજિકા સ્તૂપ ........... શૈલીનો ઉત્તમ નમૂનો છે.
(A) મથુરા શૈલી
(B) પૂર્વ મૌર્યકાલીન શૈલી
(C) દક્ષિણ ભારતની દ્રવિડ શૈલી
(D) ગાંધાર શૈલી

018. બુદ્ધ અને તેના શિષ્યો વચ્ચેના સંવાદોનો સંગ્રહ નીચે પૈકી શામાં છે?
(A) વિનય પિટક
(B) સુક્ત પિટક
(C) અભિધમ્મ પિટક
(D) મિલિન્દ પહનો

019. નીચે પૈકી ક્યો વિકલ્પ સાચો નથી?
(A) મુદ્રારાક્ષસ-વિશાખદત્ત
(B) કથાસરિતસાગર-સોમદેવ
(C) હુમાયુનામા-હુમાયુ
(D) કુમારસંભવ-કાલિદાસ

020. સમ્રાટ વિક્રમાદિત્યનો .................. તે સમયની રસાયણવિદ્યા તથા ધાતુકામનો ઉત્તમ નમૂનો ગણાય છે.
(A) સારનાથનો સ્તંભ
(B) સાંચીનો સ્તંભ
(C) નંદનગઢનો સ્તંભ
(D) લોહસ્તંભ

021. નીચે દર્શાવેલ કઈ અકાદમી નૃત્ય, નાટક અને સંગીતના સંવર્ધન માટે કામગીરી કરે છે?
(A) નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા
(B) લલિતકલા અકાદમી
(C) સંગીત અકાદમી
(D) સાહિત્ય અકાદમી

022. પાઝહાસી રાજા આર્કીયોલોજીકલ મ્યુઝિયમ (Pazhassi Raja Archaeological Museum) નીચે પૈકી ક્યાં આવેલું છે?
(A) વિજયવાડા
(B) કોઝીકોડ
(C) ભુવનેશ્વર
(D) તિરૂચિરાપલ્લી

023. નીચે પૈકી કોણે ''હૈન્દવ ધર્મોદ્ધારક'' ની ઉપાધી મેળવી હતી?
(A) શિવાજી
(B) ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય
(C) રાજા હર્ષવર્ધન
(D) ઉપર પૈકી એકપણ નહીં.

**024.** લોથલનું ઉત્ખનન કાર્ય કોણે કરાવ્યું હતું?

(A) દયારામ સાહની
(B) આર.એસ. વિષ્ટ
(C) રખાલદાસ બેનર્જી
(D) એસ.આર.રાવ

**025.** સલ્તનકાળ દરમ્યાન સ્થપાયેલા નવા નગરોની નીચે પૈકી કઈ જોડ સાચી નથી?

(A) મુહમ્મદાબાદ-મહેમદાબાદ
(B) મુસ્તફાબાદ-જૂનાગઢ
(C) અહમદગર-હિંમતનગર
(D) મહમ્મૂદાબાદ-મહેમદાબાદ

**026.** અઢારમી સદીના ઉતરાર્ધમાં ગુજરાતમાં ખંડણી ઉઘરાવવાની પ્રથાઓ પૈકી કઈ પ્રથાને ‘‘ખીચડી’’ કહેવામાં આવતી હતી?

(A) સરદેશમુખી
(B) ચૌથ
(C) મુલ્કગીરી
(D) ભાગ

**027.** ઈ.સ. 1844માં કયા શહેરમાં મીઠાના કર વિરુદ્ધ તોફાનો થયાં હતાં?

(A) દાંડી
(B) સૂરત
(C) નવસારી
(D) રાજકોટ

**028.** જ્યારે ઉત્તર ગુજરાતના પ્રદેશોમાં ગુર્જર-પ્રતિહારોનું શાસન હતું ત્યારે દક્ષિણ ગુજરાતમાં ........... નું શાસન હતું?

(A) ગારુલક વંશ
(B) સૈન્ધવ વંશ
(C) સામંતસિંહ
(D) રાષ્ટ્રકૂટો

**029.** ધરસેન પહેલો, હોલસિંહ, ધ્રુવસેન અને ધરપટર રાજાઓ કયા વંશના હતા?

(A) ગુર્જર-પ્રતિહાર
(B) મૈત્રક
(C) રાષ્ટ્રકૂટો
(D) ચાલુક્ય

**030.** યાદી (ક) માં સાલ આપી છે અને (ખ) માં બનાવો, આપેલ છે તેને યોગ્ય રીતે જોડીને સાચો વિકલ્પ પસંદ કરો.

| | (ક) | | (ખ) |
|---|---|---|---|
| (I) | ઈ.સ. 1930 | 1. | કેબીનેટ મીશન યોજના |
| (II) | ઈ.સ. 1935 | 2. | હિંદ છોડોની ચળવળ |
| (III) | ઈ.સ. 1942 | 3. | દાંડી કૂચ |
| (IV) | ઈ.સ. 1946 | 4. | પ્રાંતિક સ્વરાજ્ય |

| | (I) | (II) | (III) | (IV) |
|---|---|---|---|---|
| (A) | 3 | 2 | 1 | 4 |
| (B) | 2 | 4 | 3 | 1 |
| (C) | 4 | 3 | 1 | 2 |
| (D) | 3 | 4 | 2 | 1 |

031. ગાંધીજીએ બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લીધો ત્યારે ભારતમાં વાઈસરોય તરીકે કોણ હતું?

(A) લોર્ડ વેલિંગ્ટન
(B) લોર્ડ ચેમ્સફર્ડ
(C) લોર્ડ લિટન
(D) સર જાર્જ સ્ટેનલે

032. ગાંધીજી દ્વારા ચંપારણ સત્યાગ્રહ ક્યારે કરવામાં આવેલ હતો?

(A) ઈ.સ. 1918
(B) ઈ.સ. 1928
(C) ઈ.સ. 1917
(D) ઈ.સ. 1920

033. ત્રીજી ગોળમેજી પરિષદનું આયોજન ક્યારે કરવામાં આવેલ હતું?

(A) નવેમ્બર, 1932
(B) ડીસેમ્બર, 1932
(C) નવેમ્બર, 1931
(D) સપ્ટેમ્બર, 1931

034. બંગાળના ભાગલા રદ કરવામાં આવ્યા તે સમયે ભારતમાં વાઈસરોય તરીકે કોણ હતું?

(A) લોર્ડ એલિગ્ન
(B) લોર્ડ મિન્ટો દ્વિતીય
(C) લોર્ડ હાર્ડિંગ
(D) લોર્ડ ચેમ્સસ્ર્ડ

035. ભારત વિશ્વવ્યાપાર સંસ્થા (World Trade Organization) નું સભ્ય ક્યા વર્ષમાં બન્યું?

(A) ઈ.સ. 1995
(B) ઈ.સ. 1991
(C) ઈ.સ. 1990
(D) ઈ.સ. 1993

036. વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યમાંથી ઘસારો બાદ કર્યા પછીનું શેષ નાણાકીય મૂલ્ય એ ............ પેદાશ છે.

(A) કુલ આંતરિક
(B) શુદ્ધ આંતરિક
(C) શુદ્ધ રાષ્ટ્રીય
(D) કુલ રાષ્ટ્રીય

037. રાજકોષીય ખાદ્યમાંથી વ્યાજની ચૂકવણી બાદ કરતા બાકી રહેલી ખાદ્યને .......... કહે છે.

(A) પ્રાથમિક ખાદ્ય
(B) અંદાજપત્રીય ખાદ્ય
(C) મહેસૂલી ખાદ્ય
(D) ઉપર પૈકી એકપણ નહીં.

038. (1) ''ઈનક્રેડિબલ ઈન્ડિયા''નું પ્રથમ માર્કેટીંગ કેમ્પેઈન વર્ષ 2002માં શરૂ કરાયું હતું.
(2) આ કેમ્પેઈનને 'ઈનક્રેડિબલ ઈન્ડિયા' એવું નામ અમિતાભ કાંત દ્વારા આપવામાં આવ્યું હતું.

(A) વિધાન (1) સાચું છે.
(B) વિધાન (2) સાચું છે.
(C) વિધાન (1) અને (2) બંને સાચા છે.
(D) વિધાન (1) અને (2) બંને ખોટા છે.

**039.** SANKALP યોજનાનું પુરું નામ શું છે.

(A) Skill Acquisition and Knowledge Awareness for Livelihood Promotion Programme.

(B) Skill and Knowledge Achievement for Livelihood Promotion Programme

(C) Sales Acquisition and Knowledge Awareness for Livelihood Promotion Programme.

(D) Skill Acquisition and Knowledge Awareness for Livelihood Programme.

**040.** બજેટ 2017-18 માં પેમેન્ટ અને સેટલમેન્ટ માટે એક અલગ વિનિયામકીય બોર્ડ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ બોર્ડ કોના હેઠળ રહીને કાર્ય કરશે?

(A) પ્રધાનમંત્રી કાર્યાલય
(B) સેબી (SEBI)
(C) નાણા મંત્રાલય
(D) રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)

**041.** તાજેતરમાં Insolvency and Bankruptcy code, 2016 નામનો કાયદો પસાર કરવામાં આવેલ છે. તેના મુજબ સ્થાપવામાં આવનાર Insolvency and Bankruptcy Board of India માં અધ્યક્ષ સહિત કુલ કેટલા સભ્યો રહેશે?

(A) 11
(B) 8
(C) 10
(D) 9

**042.** બજેટ 2017-18 મુજબ વર્ષ 2017-18 માટેનો એજન્ડા શું છે?

(A) Transform-India
(B) Energise-India
(C) Clean-India
(D) ઉપર્યુક્ત તમામ

**043.** નીચે પૈકી કઈ વિનિમય-દર વ્યવસ્થામાં મધ્યસ્થ બેંકની કોઈ ભૂમિકા હોતી નથી?

(A) સંપૂર્ણપણે લવચીક વ્યવસ્થા (Fully Flexible)
(B) મિશ્રિત વ્યવસ્થા (Mixed System)
(C) સંપૂર્ણપણે સ્થિર (Fully Pegged)
(D) ઉપર્યુક્ત એકપણ નહીં.

**044.** બીજી પંચવર્ષીય યોજનામાંથી નીચેનામાંથી કોને અગ્રસ્થાન આપવામાં આવેલ?

(A) વીજળી અને વાહનવ્યવહાર
(B) ભારે ઉદ્યોગો
(C) સિંચાઇ
(D) ગરીબી નાબૂદી

**045.** જવાહર રોજગાર યોજના કઈ પંચવર્ષીય યોજનામાં શરૂ કરવામાં આવી?

(A) પાંચમી
(B) આઠમી
(C) સાતમી
(D) નવમી

**046.** "Faster, sustainable and more inclusive Growth" એવું ગૌણ શીર્ષક કઈ પંચવર્ષીય યોજનામાં આપવામાં આવેલ હતું?

(A) નવમી
(B) અગિયારમી
(C) દસમી
(D) બારમી

**047.** (ક) યાદી ને (ખ) યાદી સાથે યોગ્ય રીતે જોડીને સાચો વિકલ્પ પસંદ કરો.

| | (ક) | | (ખ) |
|---|---|---|---|
| (I) | સમાનતાનો હક | 1. | અનુચ્છેદ-23-24 |
| (II) | શોષણ વિરુદ્ધનો હક | 2. | અનુચ્છેદ-25-28 |
| (III) | બંધારણીય ઉપાયોનો હક્ક | 3. | અનુચ્છેદ-14-18 |
| (IV) | ધાર્મિક સ્વાતંત્ર્યનો હક્ક | 4. | અનુચ્છેદ-32-33 |

| | (I) | (II) | (III) | (IV) |
|---|---|---|---|---|
| (A) | 2 | 1 | 4 | 3 |
| (B) | 3 | 1 | 4 | 2 |
| (C) | 3 | 2 | 1 | 4 |
| (D) | 2 | 3 | 1 | 4 |

**048.** સર્ટીઓરરી રિટ એટલે -

(A) અદાલત કોઈપણ વ્યક્તિ કે સંસ્થા કે સરકારને તેનું કર્તવ્ય કરવા આદેશ આપે છે.
(B) નીચલી કોર્ટનું બાકી રહેતા કેસનું દફતર ઉચ્ચ અદાલત નિકાલ માટે મેળવી શકે છે.
(C) પોતે હક્કદાર ન હોય છતાં એવી હેસિયતથી કાર્ય કરે ત્યારે અદાલત તેને તેમ કરતાં રોકી શકે.
(D) કોઈપણ વ્યક્તિની ધરપકડ પછી તેને ચોવીસ કલાકની અંદર અદાલતમાં રજૂ કરવી પડે છે.

**049.** રાષ્ટ્રપતિની વૈધાનિક સત્તામાં નીચે પૈકી કોનો સમાવેશ થતો નથી?

(A) સંસદને બોલાવવી-મુલત્વી રાખવી
(B) સંસદની બેઠકને સંબોધવી
(C) કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલનો અહેવાલ સંસદ સમક્ષ રજૂ કરાવવો.
(D) નિયુક્તિ-વડાપ્રધાન-અન્ય પ્રધાનો

**050.** બે અગર વધુ રાજ્યો વચ્ચે વિવાદ કે તકરારની બાબત સર્વોચ્ચ અદાલત કઈ હકૂમત હેઠળ સાંભળે છે?

(A) મૂળ સત્તા
(B) વિવાદ કે અપીલની સત્તા
(C) સલાહ આપવાની સત્તા
(D) ઉપર પૈકી એકપણ નહીં.

**051.** દરેક રાજ્ય માટે એક ઉચ્ચ ન્યાયાલય રહેશે તેવી જોગવાઈ ભારતના સંવિધાનમાં કયા અનુચ્છેદમાં કરવામાં આવી છે?

(A) અનુચ્છેદ-215
(B) અનુચ્છેદ-216
(C) અનુચ્છેદ-214
(D) અનુચ્છેદ-217

052. ભારત સરકાર કે કોઈ રાજ્ય સરકાર હેઠળ કે ભારતમાં તાજ હેઠળ કે કોઈ દેશી રાજ્યની સરકાર હેઠળ મુલકી હેસિયતથી નોકરી કરતી કોઈ વ્યક્તિને થયેલી ઈજાઓ અંગેનું પેન્શન મેળવવા માટેના દાવા વિષે અને તે અંગે આપવાની રકમો સંબંધી કોઈ પ્રશ્ન વિષે લોક સેવા આયોગની સલાહ લેવાવી જોઈશે તેવી જોગવાઈ ભારતના સંવિધાનના કયા અનુચ્છેદમાં કરવામાં આવી છે?

(A) અનુચ્છેદ-315
(B) અનુચ્છેદ-316
(C) અનુચ્છેદ-319
(D) અનુચ્છેદ-320

053. નીચેનામાંથી કઈ સત્તા રાજ્યપાલ પાસે નથી?

(A) દોષિત ઠરાવાયેલ વ્યક્તિને શિક્ષાની માફી આપવી
(B) દોષિત ઠરાવાયેલ વ્યક્તિની શિક્ષામાં ઘટાડો કરવો.
(C) સૈન્ય અદાલતની સજા માફ કરવી.
(D) દોષિત ઠરાવાયેલ વ્યક્તિની શિક્ષાનો અમલ સ્થગિત કરાવવો.

054. કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ માટે નીચે પૈકી ક્યું વિધાન સાચું નથી?

(A) આ એક બંધારણીય હોદ્દો છે.
(B) અનુચ્છેદ-148 થી 151 માં તેઓની ફરજો અને સેવાની શરતો આપેલ છે.
(C) તેઓની નિમણૂંક રાષ્ટ્રપતિ દ્વારા થાય છે.
(D) ભારત સરકારના નાણાકીય હિસાબોનું ફોર્મેટ તેઓ દ્વારા નિર્ધારીત કરાય છે.

055. ચૂંટણી આયોગ દ્વારા ખોટા નામ સરનામે મેળવેલા વોટર્સ આઈ.ડી. કાર્ડ દ્વારા નોંધાયેલ મતદારોને મતદાર યાદીમાંથી દૂર કરવા માટે ‘NERPAP’ શરૂ કરાયો છે. તેનું પૂરૂં નામ શું છે?

(A) National Action for Rapid Processing and Authentication Programme
(B) National Electoral Roll Processing and Authorisation Progrmme.
(C) National Electoral Roll Purification and Auththentication Programme.
(D) ઉપર્યુક્ત એકપણ નહીં.

056. રાષ્ટ્રપતિને ભારતના સંવિધાનના ક્યા અનુચ્છેદ હેઠળ એવી સત્તા આપવામાં આવી છે કે જે પ્રદેશમાં આદિવાસી લોકોની વસ્તી સારા પ્રમાણમાં હોય તેને અનુસૂચિ અન્વયે અનુસૂચિત વિસ્તાર તરીકે જાહેર કરી શકે છે?

(A) 243
(B) 244
(C) 245
(D) 246

057. ભારતમાં કયા દિવસને ‘મૂળભૂત ફરજદિન’ તરીકે ઊજવવાનું નક્કી થયું છે?

(A) 6 ઠ્ઠી જાન્યુઆરી
(B) 11 મી જાન્યુઆરી
(C) 16 મી જાન્યુઆરી
(D) 9મી ફેબ્રુઆરી

**058.** રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની બાબતમાં કયુ વિધાન સાચું નથી?
(A) આ સિદ્ધાંતો માર્ગદર્શક છે.
(B) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ બંધારણના ત્રીજા ભાગમાં કરવામાં આવ્યો છે.
(C) આ સિદ્ધાંતોનો અમલ કરવા રાજ્ય સરકારો બંધાયેલ નથી.
(D) આ સિદ્ધાંતોનો અમલ કરવાની જોગવાઈ બંધારણમાં નથી.

**059.** ઓલિવ રીડલી કાચબાના સંરક્ષણ માટે કઈ નદી પ્રખ્યાત છે?
(A) ગંગા
(B) મહાનદી
(C) સુવર્ણરેખા
(D) ઋષિકુલ્ય

**060.** વર્ષ 2015માં કયા રાષ્ટ્રએ અંતરિક્ષમાં સૌર ઊર્જા ઉત્પન્ન કરીને પૃથ્વી સપાટી સુધી તેના વાયરલેસ પાવર ટ્રાન્સફર માટેના પ્રયોગને સફળ ઘોષિત કર્યું હતું?
(A) ચીન
(B) યુ.એસ.એ.
(C) જાપાન
(D) ભારત

**061.** રાષ્ટ્રીય વન્યજીવ બોર્ડ ભારતમાં વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, 1972 (વખતોવખત સંશોધિત કર્યા મુજબ) હેઠળ સ્થાપાયેલ સંસ્થા છે, તેના અધ્યક્ષ કોણ હોય છે?
(A) રાષ્ટ્રપતિ
(B) પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના કેન્દ્રિય મંત્રી
(C) પ્રધાનમંત્રી દ્વારા નિમાયેલ પર્યાવરણવિદ્
(D) પ્રધાનમંત્રી

**062.** ત્રીજી પેઢીના જૈવ-ઈંધણ (Third Generation of Bio-fuels) એટલે શું?
(A) અખાદ્ય વનસ્પતિમાંથી મેળવાતું ઈંધણ
(B) ખાદ્ય વનસ્પતિમાંથી મેળવાતું ઈંધણ
(C) લાલ-લીલી-નીલી લીલ-શેવાળમાંથી મેળવાતું ઈંધણ
(D) માત્ર ઉત્સર્જિત પદાર્થોમાંથી મેળવાતું ઈંધણ

**063.** વિકીરણ-ઉત્સર્જન (Radioactivity) ની શોધ કોણે કરી હતી?
(A) મેડમ કયુરી
(B) હેનરી બેકવેરલ
(C) પિઅરી કયુરી
(D) ઉપર પૈકી એકપણ નહીં.

**064.** હેલીનો ધૂમકેતુ છેલ્લે પૃથ્વી પરથી ઈ.સ. 1986 માં નરી આંખે જોવા મળ્યો હતો. હવે પછી કયા વર્ષમાં પૃથ્વી પરથી નરી આંખે જોઈ શકાશે?
(A) ઈ.સ. 2061-62
(B) ઈ. સ. 2020-21
(C) ઈ.સ. 2025-26
(D) ઈ.સ. 2067-68

**065.** છોડમાં થતી વૃદ્ધિ માપવા માટે નીચે પૈકી કયુ સાધન ઉપયોગમાં લેવાય છે?
(A) સાયકલોમીટર
(B) સાયકલો ટ્રોન
(C) ક્રેસ્કોગ્રાફ
(D) સાયટો ટ્રોન

066. યકૃતના રોગો ક્યા વિટામીનની ઉણપથી થાય છે?
(A) વિટામીન-ઈ
(B) વિટામીન -કે
(C) વિટામીન-એ
(D) વિટામીન બી-12

067. સૌર ઉર્જાથી ચાલતું વિમાન ‘‘સોલાર ઈમ્પલ્સ’’ ક્યા દેશમાં બનેલું છે?
(A) યુ.એસ.એ
(B) ફ્રાન્સ
(C) કેનેડા
(D) સ્વિટઝર્લેન્ડ

068. ચન્દ્ર ઉપર ક્યા અવકાશયાત્રીએ તેમના પરિવારની છબી મૂકેલ છે.
(A) ચાર્લ્સ ડ્યુક
(B) એડગર મિશેલ
(C) એલન બીન
(D) નીલ આર્મસ્ટ્રોંગ

069. ભારતમાં નીર્મિત વિશ્વસ્તરનું હલકું લડાયક વિમાન નીચે પૈકી કયું છે?
(A) તરંગ
(B) તેજસ
(C) દિષ્ટ દષ્ટિ
(D) આકાશ

070. શરીરના કોષોમાં ઓક્સિજન કોના મારફત પહોંચે છે?
(A) સફેદ રક્તકણો
(B) લાલ રક્તકણો
(C) સફેદ અને લાલ રક્તકણો
(D) સફેદ અને લાલ રક્તકણો અને હોર્મોન્સ

071. નીચે દર્શાવેલ પ્રશ્નમાં ચોક્કસ અનુક્રમને અનુસરવામાં આવેલ છે, તેને વિચારણામાં લઈને સાચો વિકલ્પ પસંદ કરો.
EHM, DIP, CJS, BKV, ?
(A) AMY
(B) ALY
(C) CMZ
(D) ANY

072. $\sqrt{256} + \sqrt{225} + \sqrt{64} - 3 = ?$
(A) $\sqrt{5}$
(B) $\sqrt{7}$
(C) $\sqrt{4}$
(D) $\sqrt{6}$

073. રવિના જીવનનો એક ચતુર્થાંશ ભાગ એક નાના છોકરા તરીકે વીત્યો, એક પંચમાશ ભાગ કિશોરાવસ્થામાં, એક તૃતીયાંશ ભાગ પુખ્તવયના પુરૂષ તરીકે અને 13 વર્ષ વૃદ્ધાવસ્થામાં વીત્યા તો તેની વર્તમાન ઉંમર કેટલી હશે?
(A) 70 વર્ષ
(B) 80 વર્ષ
(C) 60 વર્ષ
(D) 65 વર્ષ

**074.**

| | | |
|---|---|---|
| 29 | 87 | 261 |
| 41 | ? | 164 |

(A) 67 (B) 56

(C) 112 (D) 82

**075.** 36 × 256 = 48 × ?

(A) 192 (B) 128

(C) 156 (D) 164

**076.** સૂચના: નીચે આપેલ ચિત્રો જોઈ તાર્કિક રીતે ‘?’ ના સ્થાને (1) થી (4) પૈકી કયુ ચિત્ર આવે તે જણાવો.






(1) (2) (3) (4)

(A) આપેલ ‘?’ ના સ્થાને (1) આવે (B) આપેલ ‘?’ ના સ્થાને (2) આવે

(C) આપેલ ‘?’ ના સ્થાને (3) આવે (D) આપેલ ‘?’ ના સ્થાને (4) આવે

**077.** ગંગાને પોતાના સંતાનોમાંથી રામ અને રેખા સૌથી વધુ પ્રિય છે. રેખા શરદની માતા છે. જે તેના મામા મિતુલનો ખૂબ લાડકો છે. પરિવારના વરિષ્ઠતમ સભ્ય રામલાલ છે, જેના ઉત્તરાધિકારી તેમના પુત્રો ગોપાલ અને મોહન છે. ગોપાલ અને ગંગા 35 વર્ષથી વિવાહિત છે અને તેમના ત્રણ સંતાનો છે. તો મિતુલનો મોહન સાથે શો સંબંધ છે?

(A) કાકા (B) પુત્ર

(C) ભાઈ (D) કોઈ સંબંધ નથી

**078.** એક વ્યક્તિ પોતાની પત્નીથી 3 વર્ષ મોટો છે અને પોતાના પુત્રની વયથી ચાર ગણી વય ધરાવે છે. જો ત્રણ વર્ષ પછી પુત્રની વય 15 વર્ષ થઈ જવાની હોય તો તે સમયે પત્નીની ઉંમર કેટલી થઈ જશે?

(A) 60 વર્ષ (B) 51 વર્ષ

(C) 48 વર્ષ (D) 45 વર્ષ

079.




ઉપરોક્ત ઘન (Cube) ની બે સ્થિતિઓના આધારે જણાવો કે અંક 4 ની સામે ક્યો આંકડો આવશે.

(A) 1
(B) 2
(C) 3
(D) 4

080. રમેશે એક બેંક પાસેથી રૂ. 7,000 સાદા વ્યાજે લીધા. 3 વર્ષ પછી તેણે બેંકને રૂ. 3000 પરત કરી દીધા અને ઋણ લીધા બાદ 5 વર્ષના અંતે તેણે રૂ. 5450 આપી ઋણ ચૂકતે કર્યું, તો તેણે લીધેલ ઋણ પર વ્યાજ દર કેટલો હશે?

(A) 5%
(B) 7%
(C) 10%
(D) 15%

081. (400 ÷ 32) × (648 ÷ 18) = ?

(A) 425
(B) 430
(C) 450
(D) 435

082. ·6 × ·06 × ·006 × 60 = ?

(A) 12960
(B) ·12960
(C) 0.012960
(D) ·0012960

083. ઉજ્જવલા યોજનાનો હેતુ શું છે?

(A) મફતમાં LED બલ્બોનું વિતરણ કરવું.
(B) બીપીએલ પરિવારોને એલપીજી કનેક્શન આપવું.
(C) બીપીએલ પરિવારોને મફતમાં વીમાનું રક્ષણ આપવું.
(D) શાળાઓના પ્રવેશદરમાં વધારો કરવો.

084. વર્ષ 2016માં પૂર્વોત્તર રાજ્યોમાં ઔદ્યોગિક અને રોકાણગત પ્રોત્સાહન માટેની નીતિ-North East Industrial and Investment Promotion Policy (NEIIP) માં સુધારો કરવામાં આવેલ છે. આ નીતિ ક્યા વર્ષમાં બનાવવામાં આવી હતી?

(A) વર્ષ 2005
(B) વર્ષ 2007
(C) વર્ષ-2002
(D) વર્ષ-2010

085. IBSAMAR-2016 નૌસેના કવાયતમાં નીચે પૈકી કયો દેશ સામેલ ન હતો?

(A) ભારત
(B) બ્રાઝિલ
(C) દક્ષિણ આફ્રિકા
(D) માલદિવ્સ

086. પ્રોજેક્ટ-પી-751 (Project-P-751) શાને સંબંધિત છે?

(A) સ્વદેશી મિસાઈલ કાર્યક્રમ
(B) આધુનિક છ સબમરીનના ઉત્પાદન માટેનો પ્રોજેક્ટ
(C) અગ્નિ-6 મિસાઈલના વિકાસ માટેનો પ્રોજેક્ટ
(D) સ્વદેશી એરક્રાફ્ટ કેરીયર બનાવવા માટેનો પ્રોજેક્ટ

087. વર્ષ 2016-17 ના રેલવે બજેટમાં કઈ નવી ટ્રેન શરૂ કરવામાં આવી?

(A) હમસફર
(B) અંત્યોદય
(C) તેજસ
(D) ઉપર્યુક્ત ત્રણેય

088. પ્રાકૃતિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતું સ્થળ કે જે વર્ષ 2016 માં યુનેસ્કો (UNESCO) દ્વારા વિરાસત યાદીમાં સ્થાન પ્રાપ્ત થયેલ છે, તે નીચે પૈકી કયું છે?

(A) સિક્કિમ
(B) કાશ્મીર ઘાટી
(C) કાંચનજંઘા રાષ્ટ્રીય ઉદ્યાન
(D) હિમાલયન ટોય ટ્રેઈન

089. "Tiangong–2" શું છે?

(A) જાપાન દ્વારા તૈયાર કરાયેલ બીજો સૌથી આધુનિક માનવી-રોબોટ
(B) ચીન દ્વારા અવકાશમાં તરતી મૂકાયેલ એક અવકાશીય પ્રયોગશાળા
(C) ચીન દ્વારા તૈયાર કરાયેલ અત્યાધુનિક ડ્રોન
(D) ચીન દ્વારા તૈયાર કરાયેલ સૌથી આધુનિક મિસાઈલ

090. જાન્યુઆરી 2016માં રિક્ટર સ્કેલ 6·7ની તીવ્રતા ધરાવતો ભૂકંપ ભારતમાં કયા રાજ્યમાં આવેલ હતો?

(A) ત્રિપુરા
(B) અરૂણાચલ પ્રદેશ
(C) મણીપુર
(D) આસામ

091. વર્ષ 2016માં દિવંગત થયેલા વ્યક્તિઓની યાદી-(ક) માં આપેલ છે અને યાદી-(ખ) માં ક્ષેત્ર દર્શાવેલ છે, તેને યોગ્ય રીતે જોડીને સાચો વિકલ્પ પસંદ કરો.

| યાદી (ક) | | યાદી (ખ) | |
|---|---|---|---|
| (I) | ઓ.એન.વી. કુરૂપ | 1. | શાસ્ત્રીય નૃત્યકાર |
| (II) | અબ્દુલ રસીદખાન | 2. | તબલાવાદક |
| (III) | કલાનિધિ નારાયણન | 3. | કવિ |
| (IV) | શંકર ઘોષ | 4. | હિન્દુસ્તાની સંગીતકાર |

(A) I-3, II-4, III-1, IV-2
(B) I-3, II-4, III-2, IV-1
(C) I-4, II-2, III-3, IV-1
(D) I-2, II-3, III-4, IV-1

092. ફેબ્રુઆરી, 2017માં ઈસરો દ્વારા 104 ઉપગ્રહો છોડવામાં આવેલ છે, તેમાં ભારત સિવાય કયા દેશોના ઉપગ્રહો હતા?
(A) અમેરિકા અને ઈઝરાયેલ
(B) અમેરિકા, ઈઝરાયેલ અને કઝાખસ્તાન
(C) ધી નેધરલેન્ડ, સ્વીટરઝલેન્ડ અને યુએઈ
(D) (A) થી (C) માં દર્શાવેલ બધાજ દેશોના

093. તાજેતરમાં યુસૈન બોકરને લોરિયસ સ્પોર્ટ્સ એવોર્ડ આપવામાં આવેલ છે. આ એવોર્ડ માટેનો પ્રથમ વખતનો એવોર્ડ સમારંભ કયા વર્ષમાં યોજાયો હતો?
(A) ઈ.સ. 1998
(B) ઈ. સ. 1999
(C) ઈ.સ. 2000
(D) ઈ.સ. 2001

094. (1) સોવરેન ગોલ્ડ બોન્ડ સ્કીમ નવેમ્બર 2015માં ચાલુ થયેલ હતી.
(2) આ સ્કીમ હેઠળ નાગરિકો 1000 ગ્રામ સોના જેટલી સિક્યોરિટી ખરીદી શકશે.
(3) ચાલુ નાણાકીય વર્ષનો સાતમો તબક્કો છે.
(4) આ સ્કીમમાં રોકાણકારોને વાર્ષિક 4·5 ટકાના ફિક્સ્ડ દરે વળતર ચૂકવાય છે.
(A) વિધાન - 1 અને 3 સાચા છે.
(B) વિધાન 1, 2 અને 4 સાચા છે.
(C) વિધાન 1 અને 4 સાચા છે.
(D) વિધાન 1, 2, 3 અને 4 સાચા છે.

095. પાકિસ્તાન દ્વારા તાજેતરમાં આધુનિક નવીનતમ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવેલ છે, તેનું નામ શું છે?
(A) બાબર-2
(B) બાબર-3
(C) અબાબીલ
(D) શાહીન-3

096. સાનિયા મિર્ઝા તથા બેયાની માટેક સૈંડસને જાન્યુઆરી-2017માં બ્રિસ્બેન ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં ખિતાબ જીતેલ છે. આ બે ખેલાડી પૈકી બેયાની માટેક સૈંડસ કયા દેશની ખેલાડી છે?
(A) ઓસ્ટ્રેલિયા
(B) સ્વિટ્ઝર્લેન્ડ
(C) રશિયા
(D) અમેરિકા

097. પ્રસ્તાવિત ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્કની કુલ જમા રાશિ કેટલી છે?
(A) 500 કરોડ
(B) 300 કરોડ
(C) 800 કરોડ
(D) 400 કરોડ

098. વર્ષ 2016 માં ભારતમાં પ્રથમ ગ્રીન ટ્રેન કોરીડોરની કયા રાજ્યમાં શરૂઆત કરવામાં આવી?
(A) તમિલનાડુ
(B) મહારાષ્ટ્ર
(C) કેરળ
(D) પશ્ચિમ બંગાલ

**099.** વિશ્વ બેન્કના પ્રમુખ તરીકે કોની નિયુક્તી થયેલ છે?

(A) કીંગ લ્યોંગ મેન (B) ડૉ. વાય.વી.રેડી

(C) જીમ યોંગ કીમ્ (D) રિયાધ મેથ્યુ

**100.** મીસ વર્લ્ડ 2016 નો ખિતાબ કોને મળેલ છે?

(A) સ્ટેફાની ડેલવાલે (Stephanie Del Valle)

(B) પ્રિયદર્શીની ચેટરજી

(C) નતાશા મેન્યુએલા

(D) ઉપર પૈકી એકપણ નહીં.